પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૧૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૩૧-૧૨-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 110 PRICE :-RS. 1.50 DATE : 31-12-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ચીન સાથેનો વિવાદ ઉકેલાયો નથી, યથાસ્થિતિ બરકરાર

ન્યુ દિલ્હી,

ભારતની લદ્દાખ સરહદે ચીન સાથે છેલ્લા થોડા મહિનાથી ચાલી રહેલા તનાવ દરમિયાન થયેલી વાટાઘાટોનું કોઈ સચોટ પરિણામ આવ્યું નથી એવી સ્પષ્ટતા કેન્દ્રના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંઘે કરી હતી.

આજે સવારે મિડિયા સાથે બોલતાં તેમણે કહ્યું કે એક કરતાં વધુ તબક્કાની વાટાઘાટો આપણે ચીન સાથે કરી હતી પરંતુ એનું કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. ચીન સાથે હજુ આપણે વાટાઘાટો કરી રહ્યા છીએ. લશ્કરના અધિકારી



લેવલની ચર્ચા ટૂંક સમયમાં થવાની છે. અત્યાર સુધી જે ચર્ચાઓ થઈ એનું કોઈ પોઝિટિવ કે નક્કર પરિણામ આવ્યું નથી. પરિસ્થિતિ આજે પણ પહેલાં જેવી તનાવયુક્ત રહી હતી.

રક્ષા મંત્રી રાજનાથ સિંહએ હવે રાહુલ ગાંધીને જવાબ આપ્યો છે. તેમણે કહ્યું- હું ખેડૂત પરિવારમાં જન્મ્યો છું. આ કારણે ખેતી વિશે રાહુલ ગાંધી કરતા વધુ જાણું છું. વડાપ્રધાન મોદીએ પણ ગરીબ ઘરમાં જન્મ લીધો હતો.


તેમણે કહ્યું કે કોઈ દેશ બળપૂર્વક પોતાની વિસ્તારવાદી નીતિનો અમલ કરે તો એને જડબાતોડ જવાબ આપવાની શક્તિ આપણી પાસે છે. આપણે સામેથી કોઈના પ્રદેશમાં ઘુસણખોરી કરતા નથી કે કોઈની જમીન પચાવી પાડવાના પ્રયાસ કરતા નથી. ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી સરહદ મામલે ટેન્શન પ્રવર્તી રહ્યું હતું. ચીન લાંબા સમયથી આપણા પ્રદેશ પર કબજો જમાવવાના પ્રયાસો કરી રહ્યું હતું. પરંતુ હવે ભારત સરકારે પોતાના લશ્કરને પણ પૂરી છૂટ આપી હતી કે આપણા સીમાડે કંઈ થાય તો લશ્કર પોતાની રીતે એનો સામનો કરે. ભારત પોતાના નાગરિકોના અને સ્થાવર સંપત્તિના રક્ષણ માટે તૈયાર રહ્યું છે. આપણે કોઈના પર આક્રમણ કરવા માટે નહીં પરંતુ સ્વરક્ષણ માટે આપણા લશ્કરને સદૈવ તૈયાર રાખ્યું હતું. રાજનાથ સિંહે પાકિસ્તાનને ચેતવણી આપતાં કહ્યું કે જે અમને છંછેડશે તેને અમે છોડીશું નહી. જરૂર પડી તો ફરી ટેરર કેમ્પો પર કરીશું સ્ટ્રાઈક, પાકિસ્તાનને કડક સંદેશ આપતા તેમણે જણાવ્યું કે શાંતી એટલે એમ નહી કે સમજુતી કરી લીધી છે.

અત્રે એ નોંધવું જોઈએ કે આ વર્ષના એપ્રિલથી ચીન ભારતની લદ્દાખ સરહદે અટકચાળા કરી રહ્યું હતું અને એક કરતાં વધુ વખત ચીની લશ્કરે ભારતીય ધરતી પર ઘુસણખોરી કરવાના પ્રયાસ કર્યા હતા. દરેક વખતે ભારતીય લશ્કરે ચીની સૈનિકોને ખદેડી નાખ્યા હતા અને પોતાની સરહદ પર ચોકી પહેરો જમાવ્યો હતો. અત્યારે પણ બંને દેશના લશ્કરના મોટા સંખ્યાના જવાનો સરહદ પર તહેનાત હોવાનું જોઈ શકાય છે. ચીન પોતાની જૂની ટેવ મુજબ એક તરફ વાટાઘાટ કરવાનું નાટક કરે છે અને બીજી બાજુ એનું લશ્કર ઘુસણખોરીના પ્રયાસ કરે છે. આ વખતે ચીનની આ નીતિનો ભારતીય લશ્કરે દ્રઢતાપૂર્વક પ્રતિકાર કર્યો હતો.

## કચ્છમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ફફડાટ

કચ્છ,

કચ્છની ધરા ફરી એકવાર ધણધણી ઉઠી છે. આજે સવારે કચ્છમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. વધુ તીવ્રતાના આંચકાથી લોકો ભયભીત બની ગયા હતા, અને ઘરમાંથી દોડીને બહાર આવી ગયા હતા. તો અનેક લોકો પોતાની દુકાનોમાંથી બહાર આવી ગયા હતા. કચ્છમાં આજે ફરી ભૂકંપનો આંચકો અનુભવાયો છે. કચ્છના ખાવડા પાસે ૪.૩ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો છે. ઠંડીની વધઘટ સાથે કચ્છના અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા



આવતા રહે છે. ખાવડાથી ઈએસઈ ૨૬ કિમી સિસ્મોલોજી પર તેનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું. સવારે ૯.૪૬ વાગે ૪.૩ ની તીવ્રતાનો આ આંચકો હતો.

ભૂકંપની તીવ્રતા વધુ હોવાથી લોકો ભયભીત થઈ રસ્તા પર દોડી આવ્યા હતા. તો સાથે જ અનેક લોકો ડરી ગયા હતા. એક તરફ કચ્છમાં રણપ્રદેશ હોવાથી કડકડતી ઠંડી અનુભવાઈ રહી છે. તો બીજી તરફ નીચે ધરા ધ્રૂજી રહી છે. બે કુદરતી આફતો સહન કરી રહેલા કચ્છવાસીઓ માટે આખુ વર્ષ આવી રીતે જ પસાર થતું હોય છે. ભૂકંપના અતિ સક્રિય એવા ઝોન-૫માં આવતા કચ્છમાં સમયાંતરે નાના-મોટા અને અતિ વિનાશકારી આંચકા પેટાળને હલબલાવી નાંખતા હોય છે. કચ્છ મેઈન લેન્ડ ફોલ્ટ લાઈન ફરી સક્રિય બનતાં આગામી વર્ષોમાં કચ્છમાં મોટી તીવ્રતા સુધીનો મોટો ભૂકંપ આવવાનો ખતરો મંડરાઈ રહ્યો છે.

ચાર-ચાર ફોલ્ટ લાઈન ધરાવતા કચ્છમાં ભૂકંપ અને આંચકા આવતા રહે છે. આંચકા અને નાના ભૂકંપ આવતા રહે તે એક રીતે સારી વાત સંશોધકો જણાવે છે. અને મોટા ભૂકંપને પાછો ઠેલાવે છે. જોકે કચ્છમાં એક મોટો ભૂકંપ ગમે ત્યારે આવી શકે છે તેવી ચોંકાવનારી વાત સંશોધનના અંતે બહાર આવી છે.

## ભારતમાં કોરોનાના નવા સ્ટ્રેનના ૨૦ કેસ સામે આવતા સનસનાટી મચી

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસના નવા સ્ટ્રેને ભારતમાં પણ દેખા દેતા કેંન્દ્ર સરકારે બ્રિટનથી આવનારી તમામ ફ્લાઈટ પર પ્રતિબંધ ૭ જાન્યુઆરી સુધી વધારી દીધો છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ આ બાબતે જાહેરાત કરી હતી. ભારતમાં અત્યાર સુધીમાં આ નવા સ્ટ્રેનના ૨૦ કેસ સામે આવતા સનસનાટી મચી જવા પામી છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી હરદીપ સિંહ પુરીએ આ મામલે જાણકારી આપતા કહ્યું હતું કે, ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી યૂનાઈટેડ કિંગડમથી અવાનારી અને અહીંથી જનારી તમામ ફ્લાઈટો પર લગાડાયેલો અસ્થાયી પ્રતિબંધ આગળ આગળ ધપાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હરદીપ સિંહ પુરીએ ટ્વિટ કરીને જાણકારી આપી હતી કે- ૭



જાન્યુઆરી ૨૦૨૧ સુધી બ્રિટનથી આવતી અને જતી તમામ વિમાનોને અસ્થાયી રૂપે પ્રતિબંધિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યાર બાદ વિમાન સેવા ફરી શરૂ કરવામાં આવશે પણ કડક પાલન સાથે. આ માટેની માર્ગદર્શીકા ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવશે.

બ્રિટનમાં કોરોના વાયરસનું નવુ સ્વરૂપ મળી આવતા દુનિયાભરના દેશોમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ભારતમાં પણ આ સ્ટ્રેનના નવા ૨૦ જેટલા કેસ મળી આવતા સરકારના કાન સરવા થયા છે. આટલી મોટી સંખ્યામાં કેસો સામે આવતા જ ભારતે ૨૧-૨૨ ડિસેમ્બરની મધ્ય રાત્રીથી જ બ્રિટનથી આવનારી તમામ ઉડાનો પર પ્રતિબંધ લગાવી દીધો હતો. સાથે જ ભારતમાંથી બ્રિટન જતી ફ્લાઈટો પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. કેન્દ્ર સરકારે આ પ્રતિબંધને હવે ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી વધારી દીધો છે. ભારત ઉપરાંત ફ્રાંસ, જર્મની, નેધરલેન્ડ, સહિતના અનેક યૂરોપિયન દેશોએ પણ બ્રિટન પર હવાઈ પ્રતિબંધ લગાવી દીધો છે. જોકે, ૨૫મી નવેમ્બરથી ૨૩મી ડિસેમ્બર વચ્ચે ભારતમાં ૩૩,૦૦૦થી વધુ પ્રવાસીઓ યુકેથી ભારતના વિવિધ એરપોર્ટ્સ પર આવ્યા હતા. કેન્દ્ર સરકારે રાજ્યો સાથે મળીને બધા જ પ્રવાસીઓને શોધવાની અને તેમના આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવાની કામગીરી હાથ ધરી છે.

ભારતે કોરોનાના નવા પ્રકારની તપાસ માટે અને તેને રોકવા માટે સક્રિય રણનીતિ તૈયાર કરી છે, જેના ભાગરૂપે ૨૩મી ડિસેમ્બરથી બ્રિટનથી આવતી તમામ ફ્લાઈટ્સ પર ૩૧મી ડિસેમ્બર સુધી પ્રતિબંધ મૂકી દેવાયો હતો.


|| ભારત માતા કી જય ||

|| વંદે માતરમ્ ||

ગુજરાત-રાજકોટમાં રૂપિયા ૧૨૦૦ કરોડના ખર્ચે બનનાર ૭૫૦ પથારીની મેડિકલ કોલેજ સાથેની અદ્યતન હોસ્પિટલ (AIIMS) ની ભેટ આપવા બદલ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો ખૂબ ખૂબ આભાર





અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (AIIMS) નું

માન. વડાપ્રધાનશ્રી

નરેન્દ્રભાઈ મોદી

ના શુભ હસ્તે ઈ-ખાતમુહૂર્ત



રાજકોટ ખાતે ખાતમુહૂર્ત

તારીખઃ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ સમયઃ સવારે ૧૧ કલાકે

સ્થળઃ ખંઢેરી, રાજકોટ

મુખ્ય અતિથિશ્રીઓ

આચાર્ય દેવવ્રત — માન. રાજ્યપાલશ્રી, ગુજરાત

વિજયભાઈ રૂપાણી — માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત

ડો. હર્ષવર્ધન — માન. કેન્દ્રીય આરોગ્યમંત્રીશ્રી, ભારત સરકાર

અતિથિ વિશેષ

નીતિનભાઈ પટેલ — માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત

અશ્વિની કુમાર ચોબે — માન. કેન્દ્રીય આરોગ્યમંત્રીશ્રી (રાજ્યકક્ષા), ભારત સરકાર

કિશોર કાનાણી (કુમાર) — માન. આરોગ્યમંત્રીશ્રી (રાજ્યકક્ષા), ગુજરાત

રાજકોટ ખાતે ગુજરાતની પ્રથમ નિર્માણ પામનાર અત્યાધુનિક સુવિધાઓવાળી AIIMS હોસ્પિટલ ૨૦૧ એકરની વિશાળ જગ્યામાં બનશે આ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ વર્ષ ૨૦૨૨થી શરૂ થશે

મેડિકલ કોલેજ, અદ્યતન લેબોરેટરી, નર્સિંગ કોલેજ, સ્ટાફ ક્વાટર્સ, હોસ્ટેલ જેવી સુવિધા ઉપરાંત દર્દીઓના સગાવ્હાલાઓ માટે ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળુ ગેસ્ટ હાઉસ

આ હોસ્પિટલમાં દેશના કોઈ પણ દર્દીની સારવાર ઉપરાંત વિદેશના દર્દીઓને પણ સુપર સ્પેશ્યાલિટી સારવાર ઉપલબ્ધ થશે જેના કારણે મેડિકલ ટુરિઝમમાં વધારો થશે અને નવી રોજગારી પણ ઉપલબ્ધ થશે

રાજકોટ ખાતે AIIMS નું નિર્માણ થવાથી સમગ્ર રાજ્યના દર્દીઓની સુપર સ્પેશ્યાલિટી સારવાર વધુ ઝડપી-સરળ અને જીવનરક્ષક બનશે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

# મહીસાગરમાં આજે ૪ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૪૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર.બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૩૦-૧૨-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૪૩ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૪૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૦૬૮૪૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૧ દર્દી ડીસ્ટ્રીકિટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૫ દર્દી હોમ આઈસોલેશન, CCC લુણાવાડા, ૦૨ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૬ દર્દીઓ સ્ટેબલ અને ૦૯ દર્દીઓ ઓકિસજન પર છે.

# વિરપુરના સ્વામિનારાયણ મંદિર પાસે ખેતરમાં દિવસે દિપડો દેખાતા ગ્રામજનોમાં ફફડાટ

વિરપુર, વિરપુર સ્વામીનારાયણ મંદિર સામેના ખેતરમાં દિવસે દિપડાએ દેખા દેતા હોવાનુ જણાતરા લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. તાલુકામાં દિપડાએ બીજી વાર દેખા દીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

ખાટા ગામે આઠ માસ અગાઉ દિપડાએ કપાસના ખેતરમાં આવ્યો હતો. વિરપુરમાં સ્વામિનારાયણ પાસે ખેતરમાં દિપડો લટાર મારતા દેખાયો હતો. જેને મકાનમાં સેન્ટિંગનુ કામ કરી રહેલા રહિમભાઈએ ખેતરમાં દિપડો લટાર મારતો હોવાનુ દેખાયુ હતુ. જો કે દિપડાએ હજુ સુધી કોઈનુ મારણ ક્ર્યુ હોય તેવા અહેવાલ મળ્યા નથી. પણ દિપડો રહેણાંક વિસ્તારમાં દેખા દેતા લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આ અંગે વિરપુર પોલીસ અને ફોરેસ્ટ વિભાગને જાણ કરતા પોલીસ કાફલા સાથે સ્થળ ઉપર દોડી આવી હતી. ખેતરના આજુબાજુના વિસ્તારોમાં દિપડાની શોધખોળ કરી હતી સાથે સાથે ગામના લોકો પણ દિપડાને શોધવા ફરી વળ્યા હતા. જયારે બીજી તરફ ફોરેસ્ટ વિભાગ દ્વારા હજુ સુધી દિપડો હોવાની પુષ્ટિ કરવામાં આવી નથી.

# શહેરાના મંગલીયાણા ગામે ગીરવે મુકેલ જમીન છૂટી કરવાના વિવાદમાં આઠ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ

**વિધવા મહિલાએ પોતાના પતિની સારવાર કરાવવા માટે રૂ.૨૦ હજારમાં પોતાની જમીન ગીરવે મૂકી હતી**

શહેરા, પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના મંગલીયાણા ગામે રહેતા શારદાબેન સુખાભાઈ પટેલના પતિ સુખાભાઈ આજથી આઠેક વર્ષ અગાઉ બિમાર હોવાથી તેઓની સારવાર માટે પૈસાની જરૂર પડતા તેઓએ ગામના જ વજેસિંહ સરતનભાઈ પટેલને રૂા.૨૦ હજારમાં પોતાની જમીન ગીરવે આપી ત્યારથી તેઓ શારદાબેનની જમીન ખેડતા હતા, અને છ માસ અગાઉ ગીરવે મુકેલ જમીનમાંથી બોરડીના ઝાડ કાપી નાખતા શારદાબેન કહેવા ગયા હતા કે અમારી જમીનમાંથી અમને પૂછ્યા વગર કેમ કાપ્યા અમારે અમારી જમીન છૂટી કરવાની છે. ત્યારે વજાભાઈએ કહેલ કે આ જમીન હવે તમને નહીં મળે તમારાથી થાય તે કરી લો તેમ કહેતા આ બાબતે પંચ ભેગું થતા તેમાં પણ વજેસિંહે કહ્યું હતું કે મારે પૈસા પાછા લેવાના નથી અને મને જમીન નામે કરી આપો તેમ કહેતા હોવાથી તેનો કોઈ નિકાલ આવ્યો ન હતો. શારદાબેન અને વજેસિંહ પટેલ વચ્ચે જમીન છૂટી કરવા બાબતે વિવાદ ચાલતો હોય ત્યારે ગત સોમવારની સાંજે શારદાબેનનો પુત્ર વિનોદ બાઈક લઈને પોતાના ભાણીયાને મુકવા ભેંસાલ ગયો હતો. ત્યાંથી ભાણીયાને મુકી પરત ઘરે જતો હતો. ત્યારે વિનોદની બાઈક વજેસિંહ સરતનભાઈ પટેલના ઘર આગળ બંધ પડતા વિનોદે બુમાબુમ કરતા તેની માતા શારદાબેન, તેઓની પુત્રી પુષ્પાબેન અને લલીતાબેન અને પુત્ર રમેશ આ ચારેય ત્યાં પહોંચીને જોતા વજેસિંહ સરતનભાઈ પટેલ, પ્રભાપ પર્વતભાઈ પટેલ, અમરસિંહ પર્વતભાઈ પટેલ, ભુરાભાઇ પર્વતભાઈ પટેલ, ધુળાભાઈ સરતનભાઈ પટેલ, કાભસિંહ અમરાભાઈ પટેલ અને ભલાભાઈ કાભસિંહ પટેલ તેમજ સંગીતાબેન પ્રભાતભાઈ પટેલ આ આઠેય ઈસમોએ ભેગા મળી વિનોદને ગાળો બોલી તમારે જમીન છૂટી કરવી પડશે તેમ કહી લાકડીઓથી તેમજ ગડદાપાટુનો મારમાર્યો હતો અને વિનોદને દોરડા વડે બાંધી દીધો હતો. જેથી વિનોદના પરિવારના સભ્યો વિનોદને છોડાવા જતા તેના ભાઈ રમેશને વજેસિંહ સહિતના લોકોએ પકડીને તું પણ જમીન માટે આવ્યો છે તેમ કહી ગાળો બોલી તેને પણ બાંધી દઈ લાકડીઓથી ગડદાપાટુનો મારમાર્યો હતો. જ્યારે શારદાબેન અને તેઓની બંને પુત્રીઓ વચ્ચે છોડવા પડતા વજેસિંહે શારદાબેનને લાકડી મારી આ લોકોને જીવતા છોડવાના નથી જાનથી મારી નાખવાના છે. તેવી ધમકીઓ વજેસિંહ સહીતનાઓએ આપતા ત્યાંથી શારદાબેન તેઓની પુત્રીઓ સાથે ત્યાંથી જતા રહ્યા હતા. જોકે શારદાબેનના પુત્ર વિનોદ અને રમેશને મારામારવામાં આવતા બંનેને ઈજાઓ પહોંચતા તેઓને ગોધરા ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર બાબતે શારદાબેને મારમારી ધમકી આપનાર વજેસિંહ પટેલ સહીતના આઠેય ઈસમો સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથધરી હતી.

# સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનીટાઈઝર જેવી નાની-નાની સંભાળ આપણને કોરોનાથી બચાવશે

લુણાવાડા, સમગ્ર વિશ્વમાં ફેલાયેલા કોવીડ-૧૯ ના સંક્રમણના સમયમાં કોરોનાના ભયમાંથી બહાર આવવા આપણે કોરોનાથી ગભરાવાની જરૂર નથી. તેમજ કોરોનાસે ડરનેકી જરૂરત નહી હૈ, ઈસ આફતકો હમે સજાગ હોકે નિપટના હૈ ! આ માટે આપણે સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનીટાઈઝર જેવી નાની-નાની સંભાળ રાખીશું તો આ સંભાળ જ આપણને કોરોનાથી બચાવશે.



બોર પ્રાથમિક શાળા ટીમ દ્વારા ગામના વાલીઓ દિવસ દરમ્યાન મોબાઈલ કામ માટે બહાર કે ખેતર માં જતા હોય બાળકોને મોબાઈલ દ્વારા અભ્યાસ કરવા ખૂબ તકલીફ પડતી હતી. શિક્ષકો દ્વારા ફળિયા મુજબ કામગીરી કરતા જ હતા. પરંતુ તમામ બાળકો સુધી પહોચવાના આશયથી બાકી ના બાળકો સુધી પહોંચવા યુવાનોના ફોન અને વાલીઓ ઘરે આવે તે સમયે એમના અનુકૂળ સમયે કલાસ લેવાનું નક્કી કર્યું. અને સારો પ્રતિસાદ પણ મળ્યો.

આજના આ વિકટ સમયમાં ગુજરાત સરકાર બહું જ સારૂં કામ કરી રહી છે. કોરોનાના સંક્રમણનો ભોગ બનેલા લોકોને સારી સારવારની સાથે વિવિધ સ્થળોએ કોરોનાના ટેસ્ટની નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ બનાવી છે. ત્યા રે જો કોરોનાને હરાવવો હશે તો આપણે સૌએ સ્વયં શિસ્ત રાખવી પડશે. સરકારે કોરોના સંદર્ભમાં જે સૂચના આપી છે, તેનું આપણે પુરેપુરૂ પાલન કરીશું તો આપણે બહું જલ્દી કોરોનાને મ્હાત આપી શકીશું.

કોરોનાની આ મહામારી હવે બહું જલ્દી દૂર થશે. પણ તેના માટે આપણે સૌએ જાગૃત બનવું પડશે. કેન્દ્ર સરકાર અને રાજય સરકારે કોરોના સામેનો જંગ જીતવા માટે જે માર્ગદર્શિકા આપી છે. તેનું આપણે પાલન કરવું પડશે. આ માટે સૌ પ્રથમ તો આપણે મેળાવડામાં ભેગા ન થઈએ કે લોકોને ભેગા ન કરીએ, ટોળે વળીને ભેગાં ન થઈએ, કામ વગર બહાર ન ફરીએ, માસ્ક અવશ્ય પહેરીએ, મંદિરો કે અન્ય કોઈપણ ધર્મ સ્થાનોમાં જઈએ તો પણ સોશિયલ ડિસ્ટન્સનું પૂરતું ધ્યાન રાખીએ, વારંવાર સાબુ/ સેનેટાઈઝરથી હાથ સાફ કરતાં રહીએ આવી નાની-નાની વાતોનું આપણે પાલન કરીશું તો ચોકકસ કોરોના સામેનો જંગ આપણે જીતી લઈશું.

આજના સમયમાં જો આપણને કે કોઈપણ વ્યક્તિને શરદી-ખાંસી કે તાવ જેવા લક્ષણો જણાય તો જરાપણ ગભરાયા વિના તાત્કાનલિક ટેસ્ટ કરાવી લેવો જોઈએ. અને જો થોડી પણ તકલીફ જણાય તો હેલ્પ લાઈનનો સંપર્ક કરી જરૂરી મદદ મેળવીએ. આમ આપણા સૌની કોરોના માટેની જાગૃતિ સમાજ માટે ઉપકારક બની રહેશે. અને બહું ઝડપથી હારશે કોરોના, જીતશે ગુજરાત.

# લુણાવાડા ખાતે યોજાયો FPS દુકાનદારોનો સ્નેહમિલન સમારોહ પ૮ વર્ષથી દુકાન ચલાવતા દુકાનદારનું સન્માન કરવામાં આવ્યું

લુણાવાડા, લુણાવાડા ક્રિસ્ટલ સ્કૂલ ખાતે મહિસાગર જિલ્લા ફેર પ્રાઈસ શોપ દ્વારા સ્નેહમિલન સમારંભ યોજાયો. સમારંભમાં ગુજરાત રાજ્ય એફપીએસ એસોસિએશનના પ્રમુખ પ્રહલાદભાઈ મોદી તથા રાજ્યની ટીમ ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે જેઠોલી ગામના ૧૯૬૨થી દુકાન ચલાવતા સસ્તા અનાજના દુકાનદારનું સન્માન કરવામાં આવ્યું હતું. મહિસાગર જિલ્લા એફપીએસ દ્વારા ક્રિસ્ટલ સ્કૂલ ખાતે સ્નેહમિલન સમારંભમાં ઉપસ્થિત પ્રહલાદભાઈ મોદી ને કેન્દ્ર સરકાર દ્વારા જન કલ્યાણકારી યોજના પ્રચાર પ્રસાર અભિયાનના રાષ્ટ્રીય અધ્યક્ષનો હોદ્દો અપાતા જિલ્લા પ્રમુખ ઇન્દ્રસિંહ સોલંકી દ્વારા તમામ દુકાનદારો વતી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના જિલ્લા એફપીએસના જિલ્લા પ્રમુખો, તાલુકા પ્રમુખો અને દુકાનદાર ભાઈ-બહેનો, ક્રિસ્ટલ સ્કૂલના સંચાલક મનુભાઇ પટેલ તેમજ રાજયના મંત્રી અલ્પેશ શાહ, પ્રવક્તા રાકેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સસ્તા અનાજના દુકાનદારોને Fssai નું ફરજિયાત લાયસન્સ લેવા માટે સરકાર દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. જે આદેશને પડકારતી રાજ્યનું એસોસિએશનને હાઈકોર્ટમાં કેસ મુકેલો છે, જ્યાં સુધી નિર્ણય ન આવે ત્યાં સુધી દુકાનદારોએ લાયસન્સ લેવું નહીં તેવું પ્રહલાદ મોદી એ મંચ ઉપરથી જણાવ્યું હતું. કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં મારા દુકાનદારોએ હિંમત,અડગ મનથી અને સરકારશ્રીની પીએમજીકે વાય યોજનાને ગરીબોના દ્વાર સુધી પહોંચાડી માનવતાનું ઉત્તમ કાર્ય કર્યું તેને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા અને કેટલાક દુકાનદારો માનવતા કાર્યમાં કોરોનાથી સંક્રમિત થઈ મૃત્યુ પામી બલિદાન આપ્યું તેમને ૨૫ લાખ રૂપિયાની રકમ સરકારમાંથી અપાવી તેમના કુટુંબીજનોને સહાયરૂપ બનેલ છે. ઓફલાઈન પદ્ધતિથી વિતરણ માટે રાજ્ય એસોસિયેશન કોર્ટમાં કેસ મુકતા ઓફલાઈન પદ્ધતિથી વિતરણ કરવા માટે એસોસિયેશન કેસ જીતી ગયેલ છે.મહામંત્રી અલ્પેશભાઈ શાહ દ્વારા દુકાનદારોના કમીશન અને પડતી સમસ્યાઓ બાબતે ખૂબ જ ચિંતિત છે તેમ જણાવ્યું હતું. કોઈપણ ગરીબ માણસ દુકાન પર થેલી લઈને આવે તો તેને જરૂરથી તેના હકનું અનાજ આપજો તેમ મોદી દ્વારા જણાવાયું હતું. અંતમાં સૌનો અને ખાસ કરીને આમંત્રણને માન આપી ઉપસ્થિત રહેલા તમામનો દુકાનદાર મિત્રો અને નામી અનામી રીતે જે કોઇએ સાથ સહકાર આપ્યો તે તમામનો મહિસાગર જિલ્લા પ્રવક્તા નિલેશ પટેલ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૩૧-૧૨-૨૦૨૦, ગુરૂવાર, માગશર વદ-૧, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૧૧, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ પુનર્વસુ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
૧૨-૨૯થી અભિજીત-૧૩-૧૨ સુધી,૭-૨૮થી શુભ-૮-૪૮ સુધી, ૧૧-૨૯થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૧ સુધી, ૧૬-પરથી શુભ-અમૃત-ચલ-૨૧-૩૧ સુધી

- શુભ હોરા-
૭-૨૮થી ૮-૨૧ સુધી,૧૦-૦૯થી ૧૨-૫૦ સુધી,૧૩-૪૪થી ૧૪-૩૮ સુધી,૨૬-૨૫થી ૧૯-૧૯ સુધી

## હાંશ 2020 પત્યુ ખરૂ



કાલોલ નગરમાં તાજી જન્મેલું બાળક વેચવાનો કિસ્સો



શહેરા ના ઉંડારા ગામ તરફ જવાના માર્ગ ઉપરથી પોલીસે ૭,૫૪,૨૦૦ વિદેશી દારૂ ઝડપી પાડયો



ઘોઘંબા તાલુકાના વાંગરવા ગામમાં ગાંજાનું વાવેતર : ૧.૮૨ લાખના ગાંજા સાથે એકની ધરપકડ



ધોધમાર વરસાદથી કાલોલના નીચાણવાળા વિસ્તારોના ઘરોમાં ભરાયા પાણી

## દૈનિક રાશીફળ

તા.૩૧.૧૨.૨૦૨૦ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- પરોપકારની ભાવના પ્રબળ બનવાની ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં બદલીની શકયતા રહે.
વૃષભ(બ.વ.ઉ.) :- ઈન્વેસ્ટમેનના પ્રશ્નોમાં સફળતા મલે કોર્ટ કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ. આત્મવિશ્વાસ વધવાનો.
મિથુન(ક.છ.ઘ.) :- કારકિર્દી યશસ્વી બનવાની નોકરીમાં કાર્યભાર રહે. મહેનતનું ફળ મલે. વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની.
કર્ક(ડ.હ.) :- તમારી અંગત જિંદગીની સમસ્યાની ચર્ચા પારકા સાથે કરવાથી જાળવજો. આત્મવિશ્વાસ વધારો. સફળતા મલશે.
સિંહ(મ.ટ.) :- માન-સન્માન મેળવવા વધુ મહેનત કરવી પડશે. નવી ઓળખાણ બાબત તકેદારી રાખો. સમયનો વ્યય ન કરો.
કન્યા(પ.ઠ.ણ.) :- મિત્રોનો સહકાર રહે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. સંતાનોની પ્રગતિ માટે સારો દિવસ રહેશે.
તુલા(ર.ત.) :- અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની નોકરીમાં ચીવટ રાખવી રાજકીય લાભ મલવાનો.
વૃશ્ચિક(ન.ય.) :- સરકારી કાર્યોમાં અનુકુળતા રહે. લાગણીઓને કાબુમાં રાખજો શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- સ્વાસ્થયમાં સુધારો થાય દિવસ ઉત્સાહજનક રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.
મકર(ખ.જ.) :- નોંધપાત્ર સફળતા મલવાની. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફાર થવાના.
કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારી ધંધાની ઈચ્છા ફળે. પરીવારના વડીલોનું માર્ગદર્શન લેજો. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
મીન(દ.ચ.ઝ.) :- લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય. શેર સટ્ટામાં અનુકુળતા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી સંતરામપુર આદી.સે.સ.મં. ઉબેર
મુ. ઉબેર, તા. સંતરામપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી ગોધર બા સે.સ.મ.લી. ચુથાનામુવાડા
મુ. ચુથાનામુવાડા, તા. સંતરામપુર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાંશ 2020 પત્યુ ખરૂ


મોરવા(હ)ના સંતરોડ ચોકડી પરથી પંચમહાલ પોલીસે દેશી પીસ્ટોલ, કટ્ટાઓ, બંદુક મળી ૧૩ ઘાતક હથિયારો પકડાયા



ગોધરામાંથી રૂ.૫૦૦ અને ૧૦૦૦ની ચલણ માંથી રદ થયેલ ૪.૪૭ કરોડો રૂપીયાની નોટોનો જથ્થો ઝડપ્યો



નદીસર ગામ ના જ બે યુવાનો દ્વારા ગામ નજીક આવેલ ITIના બોગસ સર્ટી અને નકલીમાર્કશીટ બનાવી વેચી મારવા નું સુવ્યવસ્થિત કૌભાંડ


લોકડાઉનમાં પ્રિન્ટેડ ભાવે પાન–બીડી–ગુટકા વેચાયા ત્યારે અચાનક ગોધરા સહિત પંચમહાલ ફરીથી ભાવે માથું ઊંચુ કર્યું



લુણાવાડા રાઘવના મુવાડા ગામના વતની અને કવાલી પ્રાથમિક શાળાના શિક્ષકને પાવાગઢ પોલીસે ડુપ્લીકેટ નોટ વટાવવા ફરતો હોય જેને ફોરેસ્ટ નાકા પાસેથી ૯૫૦૦ રૂપીયાની ડુપ્લીકેટ નોટ સાથે ઝડપાયો


શહેરાની કનૈયા ડેરીની દુકાનમાં નકલી દૂધ મળ્યું હતું. ડેરીમાંથી યુરિયા ખાતર તેમજ તેલનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો



ગોધરા–વડોદરા હાઈવે પર એક સાથે પાંચ વાહનો વચ્ચે થયો અકસ્માત



ગોધરા–વડોદરા હાઈવે પર આવેલ કુશા કેમિકલ કંપનીમાં ધડાકા સાથે આગની ઘટના


કાલોલ તાલુકાના ઘુસર ગામે રેતી ખનન મુદ્દે બે ખનિજ માફિયાઓ વચ્ચે તકરાર અને વિવાદ


એક જ દિવસમાં પંચમહાલ જીલ્લાના ત્રણ અલગ–અલગ સ્થળે થી રૂ.૨૨.૨૧ લાખનો દારૂ નો જથ્થો ઝડપ્યા


ઘોઘંબામાં દીપડાનો આતંક : બે બાળકોના મોત અને ચારથી વધુને ઈજાઓ



ગોધરામાં આવકવેરા વિભાગના દરોડામાં ૧૨૦ કરોડ નું બિનહિસાબી નાણું ઝડપાયું


પંચમહાલ જીલ્લામાં ૩ સેકંડનો ભુકંપનો આંચકો અનુભવાયો


ગોધરા કોઠી સ્ટીલ સામે પટેલ કંપાઉન્ડ માંથી ત્રણ ટ્રક તથા ૪૧૪ સરકારી ઘઉંની બોરી મળી ૩૧.૪૬ લાખનો મુદ્દામાલ ઝડપ્યો



શહેરા પોલીસને ધામણોદ ભગત ફળિયા પાસેખાડામાં પલટી ખાઈ ગયેલ કાર માથી દારૂનો જથ્થો મળી આવ્યો


ગોધરા સાતપુલ વિસ્તારમાંથી બે ઈસમોને ભારતીય ચલણમાંથી રદ થયેલ ૫૦૦ અને ૧૦૦૦ની ૧૬.૬૧ લાખની નોટો સાથે ઝડપ્યા


હાલોલ પોલીસે હત્યાના ગુન્હામાં સંડોવાયેલા ૩ આરોપીઓની કરી ધરપકડ સાથે ૨ રિવોલ્વર પણ કબ્જે કરી


ઘોઘંબા તાલુકાના ચાઠા ગામે ૧૦ થી ૧૨ જેટલા લુટારાઓએ લૂંટની ઘટના આપ્યો અંજામ


સંતરામપુર થી ગોધરા આવતી ખાનગી બસ પલ્ટી ખાતા ૨ મહિલાના મોત ૫ મુસાફરો ઈજાગ્રસ્ત


ઈતિહાસમાં પ્રથમ વખત પાવાગઢ મંદિર નવરાત્રી દરમિયાન દર્શનાર્થીઓ માટે બંધ રહ્યું હતું.

## શહેરા પાલિકા દ્વારા બીજા દિવસે અણિયાદ ચોકડી વિસ્તારના દબાણ દુર કરવમાં આવ્યા

શહેરા,

શહેરા નગર પાલિકા દ્વારા બીજા દિવસે બસ સ્ટેશન થી અણિયાદ ચોકડી વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશ શરૂ રહી હતી.પોલીસ બંદોબસ્ત સાથે પાલિકા એ ૩૦થી વધુ દબાણ દૂર કર્યા હતા. જ્યારે પાલિકાના ચીફ ઓફિસર સાથે અમુક દુકાનદારો એ અસભ્ય વર્તન કરતા મામલો પોલીસ મથક ખાતે પહોંચ્યો હતો. શહેરા નગર પાલિકા દ્વારા નગર વિસ્તાર માં વધતા જતા દબાણો લઈને નગર પાલિકા એ ૩૩૦જેટલા દબાણકારો ને નોટિસ આપી હતી. નગર પાલિકા એ દબાણ હટાવ ના બીજા દિવસે પણ બસ સ્ટેશન થી




સિંધી ચોકડી સહિત અણીયાદ ચોકડી વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત સાથે જે.સી.બી ના મદદથી દુકાનોના છજા –પતરા દૂર કરવામાં આવી રહયા હતા. પાલિકાની દબાણની હટાવની કામગીરી દરમિયાન અમુક દુકાનદારો વિરોધ કરતા નજરે પડી રહયા હતા. પાલિકા ચીફ ઓફિસર અર્જુન સિંહ પટેલની સાથે અમુક દુકાનદારો એ અસભ્ય વર્તન જાહેર મા પોલીસ ની ઉપસ્થિતમા કરવામાં આવતા થોડીવાર માટે મામલો ગરમાયો હતો. પોલીસ દ્વારા તે સમયે ટોળા ને દૂર કરીને દબાણની કામગીરી આગળ વધાવી હતી. પોલીસ મથક ખાતે પાલિકાના ચીફ ઓફિસર અર્જુનસિંહ પટેલ તેઓ ના સ્ટાફના એન્જિનિયર જીગ્નેશ ભાઈ શાહ અને સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ ને સાથે રાખી ને પહોંચી ગયા હતા અને તેઓની સાથે અસભ્ય વર્તન કરનાર દુકાનદારો સહિત અન્ય વ્યક્તિઓ સામે ફરીયાદ નોંધાવવા માટેની તજવીજ હાથધરી હતી. પાલિકાના ચીફ ઓફિસર સાથે થયેલ અસભ્ય વર્તન ને લઈને પાલિકાનો સ્ટાફ પણ આ સામે કડક કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવે તેવી માંગ કરી રહયા છે. દબાણ હટાવ ઝુંબેશના બીજો દિવસ પાલિકા અને દુકાનદારોની ચકમક વચ્ચે પૂરો થયો હતો.

**Assure Cab**

**Never miss a flight**
BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.

Travel One Way
Pay One Way

CALL OR WHATSAPP
7490866866

ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?

GPS ENABLED ■ DOOR TO DOOR ■ SANITIZED CAR ■ TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |


ગોધરામાંથી ISI ના એક જાસૂસની ધરપકડ : પાકિસ્તાનને મોકલતો હતો જાણકારી